હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આ બાબાજી આપણને સ્કૂલ ભેગા કરીને જ જંપશે...!!

વરસાદની હાઉકલી બાદ આકરા બફારાથી નગરજનો બેબાકળા

દિવસના અસહ્ય ઉકળાટથી નગરજનો ત્રસ્ત : વાદળિયા વાતાવરણ વચ્ચે પણ નગરજનો બફારાથી બેચેન : સાંજે વરસાદી છાંટણા

ગાંધીનગર તા ૪

શહેરમાં ગઈકાલે સાંજે વાદળ ગર્જના બાદ હાઉકલી કરી વિખેરાઈ ગયેલા વરસાદી વાદળો આજે પણ આકાશમાં ગોરંભાયા હતા પરંતુ મેઘરાજા મન મુકીને વરસતા નથી જેના લીધે આજે દિવસ દરમિયાન નગરજનોએ અસહ્ય ઉકળાટથી બેચેન બન્યા છે. વરસાદની ગેરહાજરી વચ્ચે આકરો ઉકળાટ અનુભવતા નગરજનો ગરમીથી ગુંગળામણ અનુભવી રહ્યા છે.

શહેરમાં ગઈકાલની વરસાદી સાંજ બાદ આજે આખો દિવસ નગરજનોએ આકરો બફારો સહન કરવાનો વારો આવ્યો હતો. દિવસ દરમિયાન અસહ્ય ઉકળાટથી નાગરિકો પરેશાન થઈ ગયા હતા. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન માત્ર ૩૬ ડીગ્રી જ રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૯ ડીગ્રી નોંધાયુ હતુ. પરંતુ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે પણ ઉકળાટનુ પ્રમાણ અસહ્ય રહેતા નગરજનો બેચેની અનુભવી રહ્યા છે. આકરા બફારાથી નગરજનો આકુળ વ્યાકુળ બની ગયા હતા. સવારથી જ બાફનુ પ્રમાણ વધુ રહેતા વરસાદની ગેરહાજરી વચ્ચે જનજીવન પરસેવે ભીંજાયુ હતુ.

વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સવારે ૮૫ ટકા અને સાંજે ૫૫ ટકા રહ્યુ હતુ. ગઈકાલે સાંજે વાદળો ગરજાવને વિદાય લેતા મેઘરાજાએ મુશળધાર વરસવાની આશ જન્માવી હતી. પરંતુ પલવારમાં જ ગર્જના કરતા વાદળો વિખેરાઈ જતા વરસાદ પણ હાથતાળી આપી ગયો હતો.

જયારે આજે પણ દિવસના વાદળિયા વાતાવરણ વચ્ચે નાગરિકો બેચેની અનુભવી રહ્યા હતા. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વિશેષ હોવાથી નગરજનોએ આકરી ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. ઉકળાટના લીધે નગરજનો મુંઝારો પણ અનભવી રહ્યા હતા. આકરા ઉકળાટથી ત્રસ્ત શહેરીજનો હવે વરસાદની વાટ નિહાળી રહ્યા છે. મેઘરાજા મન મુકીને વરસે અને સૌને હેતે ભીંજાવે તેવી આશ સાથે નાગરિકો રોજબરોજ નભ તરફ નજર માંડે છે. મેઘરાજા હવે તો વરસોનો સાદ કરતા નજરે પડે છે.

આજે ચંદ્રગ્રહણ, ભારતમાં નહીં દેખાય

અમદાવાદ,તા.૪

૫ જુલાઈ એટલે કે આવતીકાલે ચંદ્રગ્રહણ યોજાવવા જઈ રહ્યું છે. આ ઉપછાયા ચંદ્રગ્રહણ હશે અને તે ભારતમાં દેખાશે નહીં. આ સમયે સૂતકના કોઈ નિયમો પાળવામાં આવશે નહીં. ચંદ્રગ્રહણ સવારે ૮.૩૭ મિનિટથી શરૂ થશે અને ૧૧.૨૨ મિનિટ સુધી ચાલશે. આ દિવસે ગુરૂપૂર્ણિમાની પણ ઉજવણી થઈ રહી છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને આજે માણસા તાલુકા પંચાયતની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન તેમણે તાલુકા પંચાયતના સ્ટાફ સાથે સમીક્ષા બેઠક કરી હતી. તેમણે પડતર પ્રશ્નોની ચર્ચા તેમજ મહેસુલી વસુલાત સઘન બનાવી વધુમા વધુ વસુલાત થાય તેવું આયોજન કરવા જણાવ્યું હતું.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં વિકાસના કામો ઝડપથી હાથ ધરાય તે માટે તંત્ર કામે લાગ્યુ છે.
- ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાને કચ્છની અબડાસા બેઠકના ઈન્ચાર્જ તરીકે નિમણુંક આપવામાં આવી છે.
- રાજ્ય મંત્રીમંડળના સભ્યો સંગઠ્ઠન દ્વારા સોંપાયેલ કામગીરી તેમજ વતન જવા આજે રવાના થતાં સચિવાલય સૂમસામ બન્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લામાં ડિઝાસ્ટર મામલતદારની જગ્યા જ ખાલી પડી છે.
- ગાંધીનગર શહેરની વિવિધ સરકારી કચેરીઓમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે.
- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ચાલી રહેલ વિવિધ યોજનાઓની કામગીરી અંગે જિલ્લા વિકાસ અધિકારીએ આજે સમીક્ષા કરી હતી.

લંડનની સંસ્થા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા ડૉ. વિવેક વાછાણીને સ્ટાર ૨૦૨૦ સિર્ટીફીકેટ એનાયત

વૈશ્વિક મહામારી કોરોના એ જયારે સમગ્ર વિશ્વમાં આતંક મચાવ્યો છે ત્યારે આ સમયમાં ડોક્ટર્સ અને સમાજસેવકો દેવદૂત બનીને જનતા ની સેવા કરવામાં ક્યારેય પાછી પાની કરતા નથી . ડોક્ટર્સ એ સર્વ ધર્મ સમભાવની દ્રષ્ટિએ સમાજ ના તમામ વર્ગોની મદદ કરી મનુષ્ય ધર્મ નિભાવ્યો છે. ગાંધીનગર સ્થિત કુડાસણના ઓર્થોપેડીક સર્જન ડો. વિવેક વાછાણી દ્વારા એકપણ સ્પિયો ફી લીધા વિના માત્ર દોઢ મહિનાની તાજી જન્મેલી બાળકી સફળ શસ્ત્રક્રિયા કરી છે. આ ઓપરેશન સફળતા પૂર્વક પાર પાડવા બદલ ડૉ વિવેક વાછાણી ઉપરાંત સામાજિક કાર્યકર દિપક વ્યાસ , પત્રકાર ગૌરાંગ પંડ્યા એ ખુબ જહેમત ઉઠાવી હતી. ૪-૪ ડોકટરોએ અખતરા કરીને દીકરીને મૃત્યુના દ્વારે લાવી દીધી પછી તેને પુનર્જીવન આપ્યું. અને સૌથી મોટી વાત એ છે કે આખા વિશ્વમાં દોઢ મહિનાના તાજા જન્મેલા બાળક પર શસ્ત્રક્રિયા અંગેનો કોઈ જ દાખલો નથી. આ પ્રકારની સર્જરી માટે ગુગલની મદદ લીધી પરંતુ કોઈ ઘટના સામે ન આવી. બીજા અન્ય એક્સપર્ટોની પણ સલાહ લીધી. તેઓ માટે પણ તેઓની ડોકટરની કોરિયરનો આ પ્રથમ કિસ્સો છે. પ્લાસ્ટીક સર્જરી કરનારે પણ પોતાની ૨૫-૩૦ વર્ષની લાઈફમાં આવી સર્જરી કરી નથી, જોઈ નથી.ડૉ વિવેક વાછાણી ને વૈશ્વિક મહામારી કોરોના માં કરેલ અભૂતપૂર્વ કામગીરી બદલ લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા સ્ટાર ૨૦૨૦ સિર્ટીફીકેટ એનાયત કરીને તેમની કામગીરીને ધન્યવાદ આપ્યા હતા.ઉલ્લેખનીય છે કે સંસ્થા એ સ્ટાર ૨૦૨૦ સિર્ટીફીકેટ સમગ્ર દેશમાં જેને અમૂલ્ય કામગીરી કરેલ હોય તેવા સન્માનિત વિભૂતિઓને આપીને સંસ્થા તેમનું અભિવાદન કરે છે. સંસ્થા એ સ્ટાર ૨૦૨૦ સિર્ટીફીકેટ ભારત માં શ્રી અમિતાભ બચ્ચન , શ્રી રતન ટાટા , શ્રી આદિ ગોદરેજ , શ્રી નીતિન ગડકરી જી , શ્રી અક્ષય કુમાર સહીત દેશના નામી હસ્તીઓને આ સિર્ટીફીકેટ થી સન્માનિત કરેલ છે ત્યારે ડૉ વિવેક વાછાણી પણ આ વિભૂતિઓ સાથે સન્માનિત થયા છે સ્ટાર ૨૦૨૦ સર્ટિફિકેટ બદલ લંડનના સાંસદ શ્રી વીરેન્દ્ર શર્મા , સંસ્થાના ભારત ના અધ્યક્ષ શ્રી સંતોષ શુક્લ અને ડિરેક્ટર અને ગુજરાતના અધ્યક્ષ શ્રી અશ્વિનભાઈ ત્રિવેદી એ શ્રી ડૉ વિવેક વાછાણી ને અભિનંદન પાઠવ્યા હતા.

બાકી એલ.આર.ડી. ઉમેદવારોને એપોઈન્ટમેન્ટ લેટર અપાશે

ગાંધીનગર, તા. ૪

લોકરક્ષક દળ (LRD)ની મહિલા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. જે મુજબ (LRD) મહિલા ઉમેદવારોમાં બાકી રહેલા ઉમેદવારોને આજે એપોઈન્ટમેન્ટ લેટર આપવાની જાહેરાત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આજે મહિલા ઉમેદવારોને નિમણુંક પત્ર આપ્યા બાદ બિન હથિયારી અને હથિયારી મહિલા લોકરક્ષકોએ ૧૫ જુલાઈ સુધી ફરજ પર હાજર થવા માટેનો ગુજરાતના પોલીસ વડા શિવાનંદ ઝાએ આદેશ કર્યો છે. આમ છેલ્લા કેટલાય સમયથી ચાલી રહેલા ર્ઈઢ ભરતી વિવાદનો અંત આવ્યો છે.

ગુજરાતમાં કેટલાય મહિનાથી લોકરક્ષક દળ (LRD) ભરતી વિવાદ ચાલી રહ્યો હતો. જોકે બાકી રહી ગયેલા ઉમેદવારોને નિમણુક પત્ર આપવાની જાહેરાત કરતા આજે આ વિવાદનો અંત આવ્યો છે.

ગુરુવારે (LRD)ની પરીક્ષા આપનાર અને કોન્સ્ટેબલ તરીકેની નોકરી માટે લાયકાત જાહેર કરવામાં આવેલી મહિલા ઉમેદવારોએ ધમકી આપી હતી કે જો તેઓને ૨૦મી જુલાઈ સુધીમાં એપોઈન્ટમેન્ટ લેટર આપવામાં નહીં આવે તો ફરીથી આંદોલન શરૂ કરશે. જણાવી દઈએ કે, (LRD)ની ભરતી માટે ૫૨૨૭ લાયકાત ધરાવતા કેન્ડિડેટ્સ છે, જેમાંથી હજુ ૩૬૭૩ને એપોઈન્ટમેન્ટ લેટર આપવાનો બાકી છે.

પોલીસની ભરતીમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવામાં આવ્યું છે. જેમાં ૧લી ઓગસ્ટ, ૨૦૧૮ના ગુજરાત સરકારે પરિપત્ર બહાર પાડ્યો હતો. આ પરિપત્ર મુજબ મહિલા ઉમેદવારે જે કેટેગરીમાં ફોર્મ ભર્યું તેમાં જ તેની પસંદગી શક્ય બની છે. કોઈ મહિલાએ (LRD) કેટેગરીમાં ફોર્મ ભર્યુ હોય તો તેને જનરલ કેટેગરીમાં સ્થાન ન મળી શકે, જેના કારણે રાજયમાં આંદોલન શરૂ થયા હતા. જોકે અનામત અને બિનઅનામત કેટેગરીના ઉમેદવારોના લાંબા વિરોધ પછી રાજ્ય સરકાર આખરે એલઆરડી નોકરી માટે કટ-ઓફ માર્ક તરીકે ૬૨.૫ સેટ કર્યો હતો.

લવારપુર ગામે વીજળી પડવાથી ટાંકીવાળા વાસ પાસે બાંધેલી ભેંસનું મોત

ચિલોડા, તા. ૪

ચાલુ સાલે ચોમાસાના પ્રારંભે આકાશી વીજળીનો કહેર વધતાં અનેક જગ્યાએ વીજળી પડવાના બનાવોના સમાચારોથી ચિંતાજનક બાબત બની છે. ત્યારે માણસા તાલુકાના પુંધરા ગામે વીજળીથી બે દીકરીઓના મોતના સમાચારથી આઘાત છવાયો હતો. ત્યારબાદ શુક્રવારની સાંજે ૫ વાગ્યાના સુમારે ગાંધીનગર તાલુકાના લવારપુર ગામે અસહ્ય બાફ ઉકળાટ ગરમી વચ્ચે અચાનક પવનના સુસવાટા સાથે આકાશમાંથી ગગનગોળા જેવી આગ સમી વીજળીનો લિસોટો ધરતી પર ત્રાટકતાં ટાંકીવાળા વાસ પાસે વાડામાં ઝાડ નીચે બાંધેલી

કટારા રમણભાઈ મોતીભાઈની ભેંસ પર કાળમુખી વીજળીના ઝાટકો લાગી જતાં સ્થળ પર મૃત્યુ નીપજ્યુ હતુ. વીજળી પડવાના સમાચાર વેગથી ગામમાં પ્રસરી જવાથી ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ભેંસના મૃત્યુથી પશુમાલિકને મોટો આર્થિક ફટકો પડવાથી નિરાશા વ્યાપી જવા પામી હતી.

અમદાવાદનું હીરા બજાર પણ મંદીના માહોલમાં સપડાયું

૧૦૦ કરોડના નુકસાનનો અંદાજ : હવે શહેરનું બાપુનગર હીરા માર્કેટ પણ બંધ થવાને આરે

અમદાવાદ, તા. ૪

અમદાવાદઃ દેશના ટોપ કોરોનાગ્રસ્ત શહેરોમાં સામેલ અમદાવાદમાં હીરા બજારમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. કોરોના લોકડાઉનની અસરને કારણે શહેરના હીરા માર્કેટમાં ૧૦૦ કરોડનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. સુરતમાં વધી રહેલા કેસોને જોતા હીરા માર્કેટ બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્યારે હવે શહેરનું બાપુનગર હીરા માર્કેટ પણ બંધ થ્વાને આરે છે.

મુંબઈ બાદ સુરત અને હવે અમદાવાદમાં હીરા ઉદ્યોગમાં સૌથી વધુ અસર જોવા મળી રહી છે. અનલોક-૧ જાહેર થયા બાદ હીરા માર્કેટ શરૂ થતાની સાથે બંધ કરવાની ફરજ પડી હતી. અનલોક-૨માં વધુ સરકારે વધુ છૂટછાટો આપી છે પરંતુ હીરા ઉદ્યોગની સ્થિતિ ઠેરની ઠેર રહી ગઈ છે. નોધનીય છે કે, બાપુનગરનું હીરા માર્કેટ જે હંમેશા ધમધમતું હોય છે. પરંતુ સુરતના હીરા ઉદ્યોગની અસર બાપુનગરના હીરા માર્કેટ પણ સ્પષ્ટપણે જોવા મળી રહી છે. આ વર્ષે માત્ર હીરા ઉદ્યોગ જ નહીં પરંતુ દરેક સેક્ટરના ઉદ્યોગોમાં લોકોને મુશ્કેલી અને નુકસાનનો વેઠવવાનો વારો આવ્યો છે.

હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે, લોકડાઉન બાદ અમદાવાદના હીરા માર્કેટમાં સતત મંદીનો માહોલ રહ્યો છે. જો સરકાર ધ્યાન નહીં આપે તો કારીગરોની હાલત ખૂબ જ કફોડી બને તેવી શક્યતાઓ છે. અનલોક-૨માં વધુ છૂટછાટો મળતા થોડી આશાની કિરણો દેખાઈ હતી, પરંતુ સુરતમાં કોરોનાના કેસ અચાનક જ વધી જતાં ત્યાંના હીરાના કારખાના બંધ કરવામાં આવ્યા હતા. હવે પરિસ્થિતિ એવી બની ગઈ છે કે, જ્યાં સુધી મુંબઈમાં હીરા ઉદ્યોગ શરૂ નહીં થાય ત્યાં સુધી આ પરિસ્થિતિ યથાવત્ રહેશે.

તોડ કેસમાં મહિલા પીએસઆઈના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર

અમદાવાદ, તા. ૪

મહિલા કાઈમ બ્રાંચના મહિલા પીએસઆઈએ બળાત્કાર કેસના આરોપી પાસેથી ૩૫ લાખ રૂપિયા પડાવ્યા હોવા મામલે કોર્ટે પીએસઆઈના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં છે. પોલીસ તરફથી કોર્ટમાં મહિલાના સાત દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. આ મામલે સરકારી વકીલના જણાવ્યા પ્રમાણે, ૩૫ લાખના લાંચ લીધાનો આક્ષેપ થયો છે તેમાંથી ૨૦ લાખનો હિસાબ મળી ગયો છે. મહિલા વતી તેના સગાએ આંગડિયા મારફતે આ રકમ સ્વીકારી હતી. હજુ ૧૫ લાખનો હિસાબ મેળવવાનો બાકી છે. લાંચ માંગવા મામલે મહિલા પીએસઆઈને સાથે રાખીને તપાસ કરવાની હોવાથી સાત દિવસના રિમાન્ડ માંગવામાં આવ્યા હતા. જેમાંથી કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં છે.

નોંધનીય છે કે અમદાવાદ મહિલા પીએસઆઈ શ્વેતા એસ. જાડેજાએ બળાત્કારના આરોપી પાસેથી પૈસા પડાવ્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. પીએસઆઈએ આરોપી પાસેથી ૩૫ લાખ રૂપિયા પડાવ્યા હોવાનું સામે આવતા જ આ મામલે ફરિયાદ નોંધાઈ હતી. આરોપી પર બળાત્કાની બે ફરિયાદ નોંધાઈ હતી અને તે માટે આરોપીને પાસા ન કરવા ૩૫ લાખ રૂપિયા માંગ્યા હતા. આરોપીએ ટુકડે ટુકડે ૩૫ લાખ ચૂકવ્યા હતા. આરોપીએ આંગડિયા અને ચેક મારફતે પૈસા આપતા પુરાવા એકત્રિત કરી આ ફરિયાદ નોંધવામાં આવી છે.

છેલ્લે...છેલ્લે...

- મહારાષ્ટ્રમાં કોરોનાના દર્દીઓનો આંકડો બે લાખને પાર
- બિહારના મુખ્યમંત્રી નિતીશકુમારનો કોરોના ટેસ્ટ કરાયો, રીપોર્ટ બાકી
- સુરતમાં ૨૫૩ નવા કેસ નોંધાયા, આજ સુધીનો રેકોર્ડ
- આવતીકાલે લોન્ચ થશે ભારતની સૌથી પહેલી સોશિયલ મીડીયા એપ એલીમેન્ટ
- ઈસ્કોનના પ્રમુખ ગુરુસ્વામી ભક્તિચારુ મહારાજનું અમેરિકામાં કોરોનાથી નિધન
- પૂજ્ય મહંત સ્વામીની તબિયત નાદુરસ્ત થતાં શાહીબાગ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા
- ડાંગના પૂર્વ ધારાસભ્ય મંગળ ગાવિત ભાજપમાં જોડાશે.
- ગલવાન ખીણમાં ભારતીય સૈનિકોના પરાક્રમ પર અજય દેવગણ ફિલ્મ બનાવશે.
- કોરોના સંક્રમિત હોવાની શંકાથી યુપી રોડવેઝની ચાલુ બસમાંથી ૧૯ વર્ષીય યુવતીને બહાર ફેકી, યુવતીનું મોત
- ગુજરાત - મહારાષ્ટ્ર સહિત સાત રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી
- સપ્ટેમ્બર માસમાં કૉલેજો શરૂ થઈ શકે છે.
- ઈન્કમટેક્ષ રીટર્ન ભરવાની મુદ્દત ૩૦મી નવેમ્બર સુધી લંબાવાઈ
- ગુજરાત પોલીસમાં એક સાથે ૩૪ પી.આઈ. અને ૫૦થી વધુ પી.એસ.આઈ.ની એક જ દિવસમાં બદલી
- કોરોના કાળમાં પણ ગ્રોથ કરનારી વિશ્વની ૧૦૦ કંપનીઓમાં રીલાયન્સનો સમાવેશ
- અમેરિકાના જ્યોર્જિયામાં એક કુતરો કોરોના વાયરસથી સંક્રમિત થયો
- મહારાષ્ટ્રના પીપરીચીચવડમાં શંકર કુરહાડેએ સોનાનું માસ્ક બનાવડાવ્યું
- નેપાળમાં ઓલી સરકારને બચાવવા ચીન અને પાકિસ્તાન સક્રિય થયા
- દિલ્હી એનસીઆરમાં ફરી ૪.૨ના રીક્ટર સ્કેલથી ભૂકંપના આંચકા
- રાજકોટની મોદી સ્કૂલને બે લાખનો દંડ ફટકારાયો
- અમરનાથ ગુફાનું સીધુ પ્રસારણ કરવા દુરદર્શનની ટીમ પહોંચી
- જૂનાગઢના કેટલાક ગામોમાં ગઈરાત્રે સાવજોની અવર-જવર દેખાઈ
- હિમાચલ ફરવા જવા માટે ૭૨ કલાક પહેલા કોવિડ-૧૯નો ટેસ્ટ કરાવવો ફરજિયાત છે.
- કચ્છમાં દોઢ મહિનામાં ૧૫ મોરના મોત થયા

પેટા ચૂંટણી માટે કૉંગ્રેસે નિરીક્ષકોની કરી નિમણૂક

રાજ્યસભાની ચૂંટણી વખતે ૮ કૉંગ્રેસના ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા. હવે આ તમામ બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. કેંદ્રીય ચૂંટણી પંચે પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર નથી કર્યો પરંતુ કૉંગ્રેસે અત્યારથી જ પેટા ચૂંટણી જીતવા માટે તૈયારીઓ શરુ કરી દીધી છે. વિધાનસભાની પેટા ચૂંટણી માટે કૉંગ્રેસે નિરીક્ષકોની નિમણૂક કરી છે. ગુજરાતમાં પેટા ચૂંટણીને લઈને કૉંગ્રેસના સિનિયર નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે. તમામ બેઠકો ઉપર એક ઈન્ચાર્જ અને ૩ કો-ઈન્ચાર્જની નિમણૂક કરવામાં આવી છે. અબડાસા બેઠક માટે ઈન્ચાર્જ તરીકે સી જે ચાવડા અને કો-ઈન્ચાર્જ તરીકે મોહમંદ જાવેદ પીરજાદા, બચુ અરેઠિયા, હિરા જોટવાની નિમણૂક કરવામાં આવી છે.

લીંબડી બેઠક માટે ઈન્ચાર્જ તરીકે જગદીશ ઠાકોર અને કો-ઈન્ચાર્જ તરીકે લાખા ભરવાડ, રૂત્વિજ મકવાણા, નૌશાદ સોલંકીની નિમણૂક કરવામાં આવી છે. મોરબી બેઠક માટે ઈન્ચાર્જ તરીકે અર્જુન મોઢવાડિયા અને કો-ઈન્ચાર્જ તરીકે વિક્રમ માડમ, લીલીત વસોયા અને ચિરાગ કાલરીયાની નિમણૂક કરાઈ છે. ધારી બેઠક માટે ઈન્ચાર્જ તરીકે પૂંજાભાઈ વંશ અને કો-ઈન્ચાર્જ તરીકે હર્ષદ રિબડીયા, અમરિશ ડેર અને પ્રતાપ દુધાતને જવાબદારી સોંપાઈ છે.ગઢડા બેઠક માટે ઈન્ચાર્જ તરીકે શૈલેષ પરમાર અને કો-ઈન્ચાર્જ તરીકે વિરજી ઠુમ્મર, રાજેશ ગોહિલ અને કુન બારૈયાની નિમણૂક કરાઈ છે.

કરજણ બેઠક માટે ઈન્ચાર્જ તરીકે સિધ્ધાર્થ પટેલ અને કો-ઈન્ચાર્જ તરીકે નારણ રાઠવા, નટવરસિંહ મહિડા અને યુનુસ પટેલની નિમણૂક કરવામાં આવી છે.

અમદાવાદમાં ફી માફી માટે એન. એસ. યુ.આઈ.દ્વારા દેખાવો યોજાયા

અમદાવાદ, તા. ૪

અમદાવાદની ખાનગી શાળાઓની ફી માફ કરવાની માગ સાથે એનએસયુઆઈએ જિલ્લા શિક્ષણ કચેરી ખાતે દેખાવો કર્યા હતા. અનેક ખાનગી શાળાઓ વિદ્યાર્થીઓ પાસે ફી માગી રહી છે. જેને લઈ એનએસયુઆઈ દ્વારા ૬ મહિનાની ફી માફ કરવા માગ કરાઈ હતી. આ ઘટનાને પગલે DEO કચેરી બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. ડીઈઓ કચેરી ખાતે વિરોધ કરી રહેલા એનએસયુઆઈના કાર્યકરોની પોલીસે અટકાયત કરી.

અમદાવાદની જિલ્લા શિક્ષણ કચેરી ખાતે શાળા બંધ તો ફી પણ નહીંની માગ સાથે એનએસયુઆઈએ દેખાવો કર્યા. કોરોનાની મહામારી અને લોકડાઉનના કારણે શાળાઓ બંધ છે, આગામી સપ્ટેમ્બર મહિના સુધી શાળાઓ શરૂ થવાની શક્યતાઓ નથી. ત્યારે અનેક શાળાઓ વાલીઓ પાસેથી ફીની પઠાણી ઉઘરાણી કરી રહી છે. આ જ બાબતને લઈ એનએસયુઆઈએ અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી બહાર દેખાવો કરતા આસિસ્ટન્ટ ડીઈઓ કચેરી બહાર એનએસયુઆઈના નેતાઓને મળવા આવ્યા હતા.

એનએસયુઆઈના નેતાઓએ શાળા દ્વારા થતી ફીની માગણી અને અન્ય રજૂઆત કરતા જણાવ્યું હતું કે, એનએસયુઆઈની માંગ છે કે શાળાઓ બંધ રહે ત્યાં સુધી ફી ઉઘરાવવામાં ના આવે. તેમજ પ્રથમ સત્રની ફી માફ કરવામાં આવે. કચેરી બહાર દેખાવો કરી રહેલ કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી. તો એનએસયુઆઈએ પણ ચિમકી ઉચ્ચારી છે કે ફી માફી કરવામાં નહીં આવે તો ડીઈઓ કચેરીને તાળાબંધી કરવામાં આવશે.

ટુંકી મુદતની નિવિદા

કમિશનર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગરમાં ઈન્સ્ટોલ કરવામાં આવેલ સ્પ્લીટ એ.સી. સર્વિસીંગ તથા રીપેરીંગ અંગેના સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

રસ ધરાવતી એજન્સીઓએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૧૫/૭/૨૦૨૦ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં કમિશનર ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં. ૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની હિસાબી શાખામાં બપોરના ૨:૦૦ કલાક સુધીમાં ટેન્ડર ફી પેટે રૂ. ૧૦૦૦/- ભરી વહીવટ શાખામાંથી રજા સિવાયના દિવસોમાં કચેરીના સમય દરમિયાન તે અંગેની ટેન્ડર ડોક્યુમેન્ટ મેળવી શકાશે. નિયત નમુનામાં ટેન્ડર સીલબંધ કવરમાં તા. ૨૩/૭/૨૦૨૦ના રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં મળી રહે તે રીતે રજીસ્ટર પોસ્ટ એ.ડી. કે સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. ઉક્ત સમય બાદ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ.

નાયબ કમિશનર
ગ્રામ વિકાસ - ગુજરાત રાજ્ય
ગાંધીનગર

માહિતી/૩૯૫/૨૦-૨૧

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
(ગુજરાત સરકારનું સાહસ)
જાહેર નિવિદા નં. ૩ સને ૨૦૨૦-૨૧

કાર્યપાલક ઈંડનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, પ્રથમ માળ, જલભવન, નવા સરકીટ હાઉસ પાસે, હિંમતનગર (મો. ૯૯૭૮૪૪૩૯૨૯, (ફોન નં. ૦૨૭૭૨-૨૪૬૪૨૬) દ્વારા ઈડર / હિંમતનગર પેટા વિભાગીય કચેરી હસ્તકના (૧) મહિવાડા તા. ઈડર ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અંતર્ગત નવીન કુવો ૫.૦૦ મીટર વ્યાસ અને ૩૦.૦૦ મીટર કરી આપવાની કામગીરી તેમજ માલસામાન સહિત પીવીસી ૯૦ મી.મી. વ્યાસની પાઈપ લાઈનની કામગીર. (બીજીવાર) (૨) 'જલભવન' ઓફિસ બિલ્ડીંગ, હિંમતનગર ખાતે સિક્યુરીટી કામગીરીના વર્ષ ૨૦૨૦-૨૨ના ૨૪ માસ માટેની કામગીરી (૩) ધનપુરા (હમીરગઢ ખેડ) તા. હિંમતનગર મુકામે હયાત બોર આધારીત ટાંકી તથા કનેક્ટીંગ પાઈપ લાઈનની કામગીરી માટેના કામની કુલ કિંમત રૂ. ૨૭.૮૭ લાખ છે. જે માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. જેના ટેન્ડર આઈ.ડી. નં. (૧) ૪૧૫૩૯૩ (૨) ૪૧૫૩૮૩ અને (૩) ૪૧૫૩૭૭ છે. કોન્ટ્રાક્ટર માટેની પાત્રતા ઈ-૧/ઈ-૨ અને ઉપરના વર્ગમાં નોંધણી ધરાવનાર પાસેથી માંગવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન રજૂ કરવાની છેલ્લી તારીખ : ૨૦/૭/૨૦૨૦ના રોજ ૧૮.૦૦ કલાક સુધી. ટેન્ડર અંગેની વદુ માહિતી વેબ સાઈટ www.gwssb.org, http://gwssb.nprocure.com, www.statetenders.com ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો કચેરી સમય દરમિયાન ઉપરોક્ત કચેરી પાસેથી મેળવી શકાશે. હવે પછીના સુધારા વેબસાઈટ પર જોવા મળશે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નંબર - ૧૯૧૬ પર સંપર્ક કરવો.

નામાનિ/હિંમત/૧૦૯/૨૦૨૦